उदयभाणसिंहजी क्षेत्रीय सहकारी प्रबंध संस्थान
Udaybhansinhji Regional Institute of Cooperative Management
(An Institution of National Council for Cooperative Training, New Delhi, An Autonomous Society Promoted by Ministry of Cooperation, Government of India, New Delhi.)

3(3)/Aug/34thHDCM/NB-JKP/24-25/845 २६/०७/२०२४

પ્રતિશ્રી,
અધ્યક્ષશ્રી/મેનેજીંગ ડાયરેકટરશ્રી/ચીફ એક્ઝીક્યુટીવશ્રી,
ગુજરાત રાજયની તમામ સહકારી સંસ્થાઓ, (પસંદગીની)
ગુજરાત રાજ્ય

વિષય: ૩૪ મો હાયર ડિપ્લોમા ઇન કોઓપરેટીવ મેનેજમેન્ટ (ઓફલાઇન) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા બાબત (૨૭-૦૮-૨૦૨૪ થી ૨૬-૦૫-૨૦૨૫)

મહાશય,

આપશ્રીને જણાવતા ખુબજ આનંદ અનુભવીએ છીએ કે આ સંસ્થા દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમો પૈકી માંનો એક "હાયર ડિપ્લોમા ઈન કોઓપરેટીવ મેનેજમેન્ટ" અભ્યાસક્રમ આયોજીત કરવા જઈ રહ્યા છીએ જેનો સમયગાળો ૩૬ અઠવાડિયાનો છે. આ કાર્યક્રમનો સમયગાળો તારીખ ૨૭-૦૮-૨૦૨૪ થી ૨૬-૦૫-૨૦૨૫ સુધીનો રહેશે. સંસ્થાની વ્યવસ્થાપન સમિતિની તા. ૨૪-૧૨-૨૦૨૩ ની મિટીંગમાં ઉપરકોત અભ્યાસ ક્રમ ઓફલાઇન ચાલુ કરવાની મંજૂરી મેળવેલ છે. ગત વર્ષે ૩૩ માં એચ.ડી.સી.એમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ વર્ષે પણ આપના સહયોગથી આ કાર્યક્રમ સફળ બનાવવા માટે આશા રાખીયે છીએ.

રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ પરિષદનો આ મુખ્ય કાર્યક્રમ છે. "હાયર ડિપ્લોમા ઇન કોઓપરેટીવ મેનેજમેન્ટ" દ્વારા વ્યાપક વ્યવસ્થાપન કૌશલ્યો પ્રદાન કરવા પર ભાર મૂકીને સહકારી ક્ષેત્રમાં તેમની કારકિર્દીને શ્રેષ્ઠ બનાવી મહત્વાકાંક્ષી વ્યક્તિઓને શિક્ષિત અને કરવાનો હેતુ ધરાવે છે. સહકારી ક્ષેત્રની જરૂરિયાતો સાથે સંરેખિત કરવા માટે સમયાંતરે અભ્યાસક્રમની ઝીણવટપૂર્વક રચના અને અપડેટ કરવામાં આવે છે. સહકારી ઇકોસિસ્ટમમાં વિકસિત થતી વ્યાપાર ગતિશીલતા અને પડકારોના સંદર્ભમાં, નવી યોજના અને અભ્યાસક્રમ સહકારી ક્ષેત્રમાં માનવ સંસાધનોને વિશ્લેષણાત્મક કૌશલ્યો અને નિર્ણય લેવાની ક્ષમતા પ્રદાન કરે છે. ઊભરતા સ્પર્ધાત્મક વાતાવરણમાં, કોર્સના ઇનપુટ્સ તમામ માર્કેટિંગ તકનીકો અને વ્યૂહરચનાઓના ઉપયોગ સાથે વ્યાવસાયિક અભિગમ માટે મદદરૂપ થશે. કોર્સનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓ સહકારી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે સજ્જ કરવાનો છે.

રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ પરિષદ, નવી દિલ્લીના નિયમાનુસાર આ અભ્યાસક્રમ સહકારી સંસ્થામાં પહેલેથી કાર્ય કરતા અધિકારીઓ અને કર્મચારીઓની કાર્ય કરવાની પધ્ધતિ અને ગુણવત્તા વધારવા માટે છે. જેમા રાજ્ય ના સહકાર વિભાગ, રાજય સ્તર, જિલ્લા સ્તર, તાલુકા સ્તર અને તમામ ગ્રામ્ય વિસ્તારમાં પથરાયેલી સહકારી સંસ્થાઓના અધિકારીઓ અને કર્મચારીઓ પ્રવેશ મેળવી શકશે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે સહકારી વિભાગના કર્મચારીઓને પ્રવેશ આપવામાં આવે છે.

પ્રવેશ આપવાની લાયકાત:

- કોઈ પણ શાખાના માન્ય યુનિવર્સિટીના સ્નાતક

ધ્યાન માં રાખવા જેવી બાબતો:

- વય મર્યાદા ૪૫ વર્ષ સુધી રાખવામાં આવી છે.
- તાલીમ દરમ્યાન ૮૦% હાજરી ફરજિયાત છે.
- હાજરી બાયોમેટ્રીક સિસ્ટમ થી લેવામાં આવશે.
- રહેવાની વ્યવસ્થા સંસ્થાના નિયમો મુજબ તથા ઉપલબ્ધતા મુજબ ફાળવાશે તથા જમવાની વ્યવસ્થા સ્વખર્ચે રહશે.
- તાલીમ દરમ્યાન કોર્સના ભાગરૂપે રાજ્ય/રાજ્ય બહારની સહકારી સંસ્થાઓના અભ્યાસ અર્થે પ્રવાસ ગોઠવવામાં આવે છે જે તાલીમાર્થીઓએ સ્વખર્ચે કરવાનો રહેશે.

અભ્યાસક્રમની ફી:

કોર્ષ ફી: ૨૫,૦૦૦.૦૦ + ૧૮ % G.S.T. કુલ ફી: ૨૯,૫૦૦.૦૦

ફીની ચુકવણી ઓનલાઇન કરવાની રહેશે. (કોર્ષની ફીમાંથી તાલીમાર્થીઓને વાંચન સાહિત્ય અને દરેક વિષયના નિષ્ણાતોને વ્યાખ્યાન માટે બોલવાનો ખર્ચ ચુકવામાં આવશે.)

ફી ચુકવવાની ખાતાની વિગતો:

| | |
|---|---|
| ખાતેદારનું નામ | DIRECTOR URICM |
| ખાતા નંબર | 1455200100002383 (સેવિંગ એકાઉન્ટ) |
| બેન્કનું નામ | Punjab National Bank, Sector 21, Gandhinagar |
| આઈ.એફ.એસ.સી. કોડ | PUNB0145520 |

આપના સહયોગની અપેક્ષા સાથે.

આભાર સહ,

21/7/2024

નિયામક

બિડાણ:

૧. પ્રવેશ ફોર્મ

૨. કોર્ષના મુખ્ય આકર્ષણો

## ઉદયભાણસિંહજી ક્ષેત્રીય સહકારી પ્રબંધ સંસ્થા

## સેક્ટર ૩૦, ગાંધીનગર - ૩૮૨૦૩૦

(એન ઇન્સ્ટિટ્યૂશન ઓફ નેશનલ કાઉન્સિલ ઓફ કોઓપરેટીવ ટ્રેનિંગ,

નવી દિલ્હી, સહકાર મંત્રાલય, ભારત સરકાર)

## <u>૩૪ મો હાયર ડિપ્લોમા ઈન કોઓપરેટીવ મેનેજમેન્ટ</u>

(૨૮/૦૮/૨૦૨૪ થી ૨૭/૦૫/૨૦૨૫)

### અરજી પત્રક

### ૧. અંગત વિગતો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | અરજદારનનું નામ: | | | | પાસપોર્ટ સાઇઝનો ફોટો |
| | | | | | |
| ૨. | પિતા/પતિ/વાલીનું નામ: | | | | |
| | | | | | |
| ૩. | સરનામું: | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| ૪. | ફોન નંબર: | | | | |
| | મોબાઈલ નંબર: | | | | |
| ૫. | જન્મ તારીખ અને સ્થળ: | | | | |
| ૬. | કેટેગરી: | સામાન્ય | | E.W.S. | |
| | (લાગતી વળગતી | ઓ.બી.સી. | | એસ.ટી. | |
| | કેટેગરી સામે ખરું કરો) | એસ.સી. | | | |

૨. શૈક્ષણિક વિગતો

| ડિગ્રી | યુનિવર્સિટી / સંસ્થા | પાસ થયેલ વર્ષ | ગુણ | | ટકા |
| --- | --- | --- | --- | --- | --- |
| | | | કુલ ગુણ | મેળવેલ ગુણ | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

3. કોઈ પણ વિશિષ્ઠ વ્યક્તિના નામ તથા સરનામાં જે તમને ઓળખાતા હોય

| નામ | હોદ્દો | સરનામું | મોબાઈલ નં. |
| --- | --- | --- | --- |
| | | | |
| | | | |

૪.એકરારનામું

ઉપર મુજબ ભરવામાં આવેલી વિગતો સત્ય છે અને મારા જ્ઞાન અને જાણથી ભરી છે. હું વચન આપું છું કે સંસ્થાના કાયદા અને વ્યવસ્થાપનનું પાલન કરીશ.

સ્થળ:

તારીખ: અરજદારની સહી

ખાસ નોંધ: દરેક તાલીમાર્થીએ પોતાના આધારકાર્ડ, ડિગ્રી સિર્ટફિકેટ અને લિવિંગ સર્ટીફિકેટની નકલ જોડવાની રહેશે. સંસ્થામાં હજાર થતી વખતે ઓરિજનલ ડોક્યુમેંટ્સ વેરિફિકેશન માટે લાવના રહેશે.

અભ્યાસક્રમની ફી:

કોર્ષ ફી: ૨૫,000.00 + ૧૮ % G.S.T.

કુલ ફી: ૨૯,૫00.00

ફીની ચુકવણી ઓનલાઇન કરવાની રહેશે. (કોર્ષની ફીમાંથી તાલીમાર્થીઓને વાંચન સાહિત્ય અને દરેક વિષયના નિષ્ણાતોને વ્યાખ્યાન માટે બોલવાનો ખર્ચ ચુકવામાં આવશે.)

ખાતાની વિગતો:

| | |
|---|---|
| ખાતેદારનું નામ: | DIRECTOR URICM |
| ખાતા નંબર: | 1455200100002383 (સેવિંગ એકાઉન્ટ) |
| બેન્કનું નામ: | Punjab National Bank, Gandhinagar |
| આઈ.એફ.એસ.સી. કોડ: | PUNB0145520 |

# Higher Diploma in Cooperative Management

## List of Subjects

| 1st Semester | |
|---|---|
| **Sr. No.** | **Name of the Subject** |
| 1. | Environment for Cooperative in India (ભારતમાં સહકારી માટે પર્યાવરણ) |
| 2. | Cooperative Legislation (સહકારી કાયદો) |
| 3. | Cooperative Credit and Banking (સહકારી ધિરાણ અને બેંકિંગ) |
| 4. | Non Credit Cooperatives (નોન ક્રેડિટ કોઓપરેટિવ્સ) |
| 5. | Accounts and Audit (એકાઉન્ટ્સ અને ઓડિટ) |
| 6. | Information Technology for Management – I (મેનેજમેન્ટ માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજી– I) |

| 2nd Semester | |
|---|---|
| **Sr. No.** | **Name of the Subject** |
| 1. | Cost Accounting & Financial Management (ખર્ચ એકાઉન્ટિંગ અને નાણાકીય વ્યવસ્થાપન) |
| 2. | Marketing Management (માર્કેટિંગ મેનેજમેન્ટ) |
| 3. | Allied Law (સહયોગી કાયદો) |
| 4. | Organizational Behavior and Communication (સંસ્થાકીય વર્તન અને સંચાર) |
| 5. | Human Resources Management and Industrial Relations (માનવ સંસાધન વ્યવસ્થાપન અને ઔદ્યોગિક સંબંધો) |
| 6. | Project Management & Business Development Plan for Cooperatives (સહકારી સંસ્થાઓ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને બિઝનેસ ડેવલપમેન્ટ પ્લાન) |
| 7. | Information Technology for Management –II (મેનેજમેન્ટ માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજી – II) |

**સંસ્થાનુ સંક્ષિપ્તમાં વિવરણ:**

ઉદયભાણસિંહજી ક્ષેત્રિય સહકારી પ્રબંધ સંસ્થાન, ગાંધીનગર એ ભારત સરકારના સહકાર મંત્રાલયના પૂર્ણ નાણાંકીય સહાય દ્વારા ચાલતી રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ પરિષદ, નવી દિલ્લી દ્વારા સંચાલીત ૧૯ સંસ્થાઓમાંની એક પ્રાદેશિક સંસ્થા છે. સંસ્થાનો મુખ્ય હેતુ સહકારી સંસ્થાઓ અંગેની તાલીમને અનુરૂપ જરૂરીયાતને પરિપૂર્ણ કરવી તેમજ હરીફાઈ યુક્ત વાતાવરણમાં સહકારી સંસ્થાઓ વિશ્વાસપૂર્વક સામનો કરીને કાર્ય કરી શકે તેમાં મદદરૂપ થવું. સહકારી સંસ્થાઓનો ધંધાકીય સ્વરૂપે વહીવટ ચલાવવા માટે સહકારી સંસ્થાઓને તાલીમનું માર્ગદર્શન આપીને આ સંસ્થા દ્વારા વિવિધ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં કર્મચારીઓમાં કૌશલ્ય, જ્ઞાન અને અભિવૃત્તિમાં વધારો કરવામાં આવે છે. તદ ઉપરાંત સહકારી સંસ્થાઓના નેતાઓ અને મુખ્ય વહીવટદારો માટે નેતૃત્વ કક્ષાના સેમિનારો, વર્કશોપો અને કોન્ફરન્સો યોજવામાં આવે છે. તેમજ સંસ્થા દ્વારા સહકારી સંસ્થાઓ માટે પરામર્શ સેવાઓ અને સંશોધન પણ હાથ ધરવામાં આવે છે.

**કોર્ષના મુખ્ય આકર્ષણો:**

- એમ.બી.એ. ના કોર્ષના આધારીત આઈ.આઈ.એમ. અમદાવાદ ના પ્રોફેસરો અને મેનેજમેન્ટ નિષ્ણાંતો દ્વારા તૈયાર કરેલ ડિપ્લોમાનો કોર્ષ છે.
- સ્થાનિક ભાષામાં પ્રોફેશનલ મેનેજમેન્ટના જ્ઞાનનો લાભ મળી શકે છે.
- સંસ્થાના નિષ્ણાંત વ્યાખ્યાતાઓ અને આમંત્રિત વ્યાખ્યાતાઓના જ્ઞાનનો લાભ મળવાની તક મળે છે.
- તાલીમમાં જુદી જુદી સંસ્થાઓથી આવેલ તાલીમાર્થીઓ સાથે ચર્ચા કરી વ્યાવહારીક જ્ઞાન લેવાની તક મળે છે.
- આ કાર્યક્રમ દરમ્યાન રાજયની અંદર અને રાજયની બહાર સારી કામગીરી કરતી સહકારી સંસ્થાઓની મુલાકાત લેવાની અમુલ્ય તક રહે છે.

**એચ.ડી.સી.એમ.અભ્યાસક્રમની માહિતી:**

હાયર ડિપ્લોમા ઇન કોઓપરેટીવ મેનેજમેન્ટ સંસ્થાનો ટોચનો અને પાયાનો અભ્યાસક્રમ છે. જેનો સમયગાળો ૩૬ અઠવાડીયાનો છે. આ કોર્સ ને બે સત્ર માં વિભાજિત કરવામાં આવેલો છે. જેની ક્ષમતા 30 તાલીમાર્થીઓની છે. આ કાર્યક્રમ તારીખ ૨૭-૦૮-૨૦૨૪ થી ચાલુ થશે અને ૨૬-૦૫-૨૦૨૫ ના રોજ પુરો થશે. તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને ૧૩ અલગ અલગ વિષયો ભણાવવામાં આવશે. તાલીમાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન આપવા માટે ગુજરાત રાજય/રાજય બહારની સહકારી સંસ્થાની મુલાકાત ૧૫ દિવસની લેવાની રહેશે. ફરજીયાતપણે રાજયની સફળ સહકારી સંસ્થાઓની મુલાકાત લેવાની અને પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાનો રહેશે. તાલીમાર્થીઓને

વિશિષ્ટ જ્ઞાન આપવા માટે સંસ્થા દ્વારા સહકારી ખાતા, બેકીંગ ક્ષેત્ર, કાયદાક્ષેત્ર અને કોમ્પ્યુટર ક્ષેત્રમાંથી વિવિધ તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવે છે. સમગ્ર વિષયવસ્તુ સહકારી અને મેનેજમેન્ટ ક્ષેત્રમાં નામ ધરાવતા નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

અભ્યાસક્રમના ઉદ્દેશ્યો:

- તાલીમાર્થીઓને વ્યાપક સહકારી શિક્ષણ પૂરું પાડવું.
- સહકારી ક્ષેત્ર માટે તૈયાર કરેલ મેનેજમેન્ટ કૌશલ્યોના સમૂહ સાથે સહભાગીઓને સજ્જ કરવા.
- સહકારી માં વિશ્લેષણાત્મક ક્ષમતાઓ અને વ્યવસ્થાપક અસરકારકતા વધારવા માટે
- સહકારી સંસ્થાઓના સંચાલનમાં તકો, પડકારો અને નવીન પ્રથાઓને ઓળખવા.

તાલીમની માહિતી:

- સંસ્થામાં ગુજરાતી અને હિન્દી ભાષામાં તાલીમ આપવામાં આવશે.
- તાલીમાર્થીઓને સહાયરૂપે ગુજરાતી ભાષામાં વાંચન સાહિત્ય પણ આપવામાં આવશે.
- તાલીમાર્થીઓ ગુજરાતી ભાષામાં પણ પરીક્ષા આપી શકે છે.

પ્રવેશ આપવાની લાયકાત:

- કોઈ પણ શાખાના માન્ય યુનિવર્સિટીના સ્નાતક

ધ્યાન માં રાખવા જેવી બાબતો:

- તાલીમ દરમ્યાન ૮૦% હાજરી ફરજિયાત છે.
- હાજરી બાયોમેટ્રીક સિસ્ટમ થી લેવામાં આવશે.
- રહેવાની વ્યવસ્થા સંસ્થાના નિયમો મુજબ તથા ઉપલબ્ધતા મુજબ ફાળવાશે તથા જમવાની વ્યવસ્થા સ્વખર્ચે રહશે.
- તાલીમ દરમ્યાન કોર્સના ભાગરૂપે રાજ્ય/રાજ્ય બહારની સહકારી સંસ્થાઓના અભ્યાસ અર્થે પ્રવાસ ગોઠવવામાં આવે છે જે તાલીમાર્થીઓએ સ્વખર્ચે કરવાનો રહેશે.

અભ્યાસક્રમની ફી:

કોર્ષ ફી: ૨૫,૦૦૦.૦૦ + ૧૮ % G.S.T. કુલ ફી: ૨૯,૫૦૦.૦૦ (કુલ ઓગણીસ હજાર પાંચસો પૂરા) ફીની ચુકવણી ઓનલાઇન કરવાની રહેશે. (કોર્ષની ફીમાંથી તાલીમાર્થીઓને વાંચન સાહિત્ય અને દરેક વિષયના નિષ્ણાતોને વ્યાખ્યાન માટે બોલવાનો ખર્ચ ચુકવામાં આવશે.)

ફી ચુકવવાની ખાતાની વિગત:

| | |
|---|---|
| ખાતેદારનું નામ | DIRECTOR URICM |
| ખાતા નંબર | 1455200100002383 (સેવિંગ એકાઉન્ટ) |
| બેન્કનું નામ | Punjab National Bank, Sector 21, Gandhinagar |
| આઈ.એફ.એસ.સી. કોડ | PUNB0145520 |

-------------------------------------------X-------------------------------------------